Received on :
Registered on :
Decided on :

Duration : વ. મા. દિ.

सत्यमेव जयते

---

## વડોદરા જિલ્લાના સત્ર ન્યાયાધિશ શ્રી ની અદાલતમા, મુ.વડોદરા.

---

**સેશન્સ કેસ નં.૧૬૯/૨૦૧૮.**

**ફરીયાદી :**
**શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી:**
**સત્યપાલ મનકુલ શેરાવત (જાટ)**
રહે.સી/૪૦૧, ધ્યેય રેશીડેન્સી,
સ્ટેલામેરી સ્કુલ સામે,
માંજલપુર, વડોદરા.

**ગુન્હો :** **ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬, ૪૯૮(ક) તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩, ૭ મુજબ**

ફરીયાદ પક્ષે : **વિ.એ.પી.પી. શ્રી કે.પી.ચૌહાણ**
આરોપી તરફે : **વિ.વ. સુ.શ્રી બી.એસ.ત્રિવેદી**

**-:: ઠ રા વ ::-**

**(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે,**

ફરીયાદી તેજવીરસીંગ મુન્સીસીંગ ચૌધરીએ પો.ઈ. માંજલપુર પો.સ્ટે. રૂબરૂ

તા.૨૧/૧૨/૨૦૧૪ ના રોજ એ મતલબની ફરીયાદ આપેલ છે કે તેઓ ફરીયાદમાં દર્શાવેલ સરનામે તેમના પરીવાર સાથે રહે છે અને જી.આઈ.ડી.સી. રોડ ઉપર આવેલ નવસુર બસ સ્ટેન્ડ પાસે વિજય ક્રેઈન સર્વિસ નામની ટ્રાન્સપોર્ટ ઓફીસ ધરાવી વેપાર કરે છે. તેઓને સંતાનમાં ચાર દિકરીઓ છે જેમાં સૌથી મોટી શશીબેન, તેનાથી નાની શિલ્પા તથા તેનાથી નાની પુનમ અને તે પછીની કાજલ છે તથા એક દિકરો નામે અજય છે. તેમની દિકરી શશી ધો.૧૨ સુધી પંચશીલ વિદ્યાલયમાં ભણેલ છે. આ તેમની દિકરી શશીબેને અગાઉ તેમના મકાનમાં ભાડેથી રહેતા સત્યપાલ મનકુલ શેરાવત નાઓ સાથે છેલ્લા છ સાત માસથી પ્રેમ લગ્ન કરેલ હોય અને તેમની દિકરી શશી પ્રેમ લગ્ન કર્યા બાદ સત્યપાલ સાથે ધ્યેય રેશીડેન્સીના મકાન નં.૪૦૧, ચોથા માળે, સ્ટેલામેરી સ્કુલ સામે ભાડેથી રહેતી હોય અને આ સતપાલ શેરાવત ટ્રાન્સપોર્ટને લગતુ કામ કરતા હોય આ તેમની દિકરી અવાર નવાર તેમના ઘરે આવતી જતી હતી તે દરમ્યાંન તેમને તથા તેમની પત્ની તથા દિકરી કાજલ અને ઘરના સભ્યોને કહેતી હતી કે ''તેણીનો પતિ ગાડી લેવા માટે નાણાંની જરૂર હોય તું તારા પીયરમાંથી તારા પિતાજી પાસેથી મારે ગાડી લેવા રૂપિયા પાંચ લાખ લઈ આવ'' તેમ જણાવી નાણાંની માંગણી કરતો હોવાથી અને તેના માટે માનસીક શારીરીક ત્રાસ આપી ટોર્ચર કર્યા કરતો હોવાની હકીકત તેઓને જણાવતી ત્યારે તેઓએ તેણીને હાલમાં પૈસાની વ્યવસ્થા થાય તેમ નથી અને નાણાંની વ્યવસ્થા થયેથી તને મદદ કરીશું તેમ જણાવી તેઓએ તેમની દિકરી શશીને સમજાવતા તે જતી રહેતી.

ફરીયાદીના કથન અનુસાર ફરીયાદના આશરે બે માસ ઉપર તેમની પત્ની તથા દિકરી કાજલ એ રીતેના તેમની દિકરી શશીના ઘરે ગયેલ તે સમયે તેમની દિકરી શશીને તેના પતિએ ઉપરોકત કારણોસર મારઝુડ કરી ઝઘડો તકરાર કરેલ હોવાની હકીકત તેમની  દિકરી શશીએ તેઓને જણાવેલ અને તેની જાણ તેમને તેમની પત્ની અને દિકરીએ કરેલ.

ફરીયાદીના કથન અનુસાર તા.૨૦/૧૨/૧૪ ના રોજ સવારના આશરે  દશેક વાગ્યાના સુમારે તેઓ તેમના ઘરેથી તેમની ફોર વ્હીલ ગાડી નં. જીજે ૬ એચ.ડી.

૬૪૨૩ ની લઈને તેમની ટ્રાન્સપોર્ટની ઓફીસ ઉપર ગયેલ અને ટ્રાન્સપોર્ટની ઓફીસે હાજર હોય તે દરમ્યાંન બપોરના આશરે પોણાબાર વાગ્યાના અરસામાં તેમની દિકરી કાજલે ફોન કરી તેમને જણાવેલ કે તાત્કાલીક કરે આવો શશીબેનનું એકસીડન્ટ થયેલ છે તેમ જણાવતા તેઓ તેમના મિત્ર ધર્મેશભાઈને આ બાબતની જાણ કરેલ તે દરમ્યાંન તેમના ભત્રીજા ભરતભાઈનો ફોન તેમના ફોન ઉપર આવેલ અને તેઓએ જણાવેલ કે શશીને ગ્લોબલ હોસ્પિટલમાં લઈ ગયેલ તેમ જણાવતા તેઓ તેમની ગાડી લઈ ગ્લોબલ હોસ્પિટલ ગયેલ અને તેમની દિકરીને જોતા તે કંઈ બોલેલ નહીં અને તેણીને જોતા કપાળ ઉપર, બંને હાથ ઉપર તથા શરીરે વાગી ગંભીર ઈજાઓ થયેલ હતી અને લોહી નીકળતુ હતુ અને બેભાન હાલતમાં હતી. આ વખતે ફરજ ઉપરના ડોકટરશ્રીએ તેઓની દિકરીને થયેલ ઈજાના કારણે મરણ ગયેલાનુ જણાવેલ. આ વખતે આ બનાવ બાબતે પુછપરછ દરમ્યાંન તેમની દિકરી તેના પતિના ત્રાસના કારણે તેના મકાનથી ચોથા માળેથી નીચે પડી ગયેલાની હકીકત જાણેલ.

ફરીયાદીના કથન અનુસાર તેઓની છોકરી શશી, ઉ.વ.૩૦ ની સાથે પ્રેમ લગ્ન કરનાર સત્યપાલ મનકુલ શેરાવતે અગાઉ લગ્ન કરેલ હોવા છતાં તેઓની દિકરી સાથે વિશ્વાસ કેળવી પ્રેમ લગ્ન કરી પત્ની તરીકે રાખેલ તે દરમ્યાંન રૂપિયા પાંચ લાખની અવાર નવાર માંગણી તેઓની દિકરીને શારીરીક તથા માનસીક ત્રાસ આપી ટોર્ચર કરી તેમનીદિકરી શશીને મારવા માટે દુષ્પ્રેરણ કરતા હોય જેથી તેઓની દિકરીએ તા.૨૦/૧૨/૧૪ ના કલાક ૧૨:૨૫ પહેલા ધ્યેય રેશીડેન્સીના ફલેટ નં .૪૦૧, સી ના ચોથા માળેથી કુદકો મારી પોતાના જીવનનો અંત આણેલ હોવાની હકીકત જણાવતી ફરીયાદ આપતા તે માંજલપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજીસ્ટર નં .૨૪૪/૧૪ થી હાલના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮(એ), ૩૦૬ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩, ૭ મુજબ દાખલ કરવામાં આવેલી. ગુનાની તપાસ દરમિયાન હાલના આરોપીને અટક કરવામાં આવેલા અને તપાસ પૂર્ણ થતાં તપાસનીશ અમલદારે આરોપી વિરૂધ્ધ વડોદરાના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રીની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ.

(૨) વડોદરાના વિધ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રીએ આ ગુનાઓ અંગે કેસ ચલાવવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને હોઈ ક્રિ.પ્રો.કો.કલમ ૨૦૯ અન્વયે કેસ અત્રેની અદાલતને તા.૨૬/૯/૨૦૧૮ ના રોજના હુકમથી મોકલી આપેલ છે.

(૩) અત્રેની અદાલત ધ્વારા આરોપીને ક્રિ.પ્રો. કો. કલમ ૨૦૭ હેઠળ પોલીસ પેપર્સ મળ્યાં અંગે ની ખાત્રી કરી આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬, ૪૯૮(ક) તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩, ૭ મુજબનું તહોમતનામું **આંક–૬** થી ફરમાવવામાં આવેલ અને તેજ તારીખે આંક–૭ થી આરોપીનો જવાબ લેવામાં આવેલ. આરોપીએ ગુનો કબુલ નહીં હોવાનુ જણાવતા આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલો.

(૪) આ કામે ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

**<u>–:: મૌખિક પુરાવાઓ ::–</u>**

| ક્રમ | વિગત | | આંક |
|---|---|---|---|
| ૧. | તેજવીરસીંગ મુનશીસીંગ ચૌધરી | ફરીયાદી<br>(મૃતકના પિતા) | ૧૧ |
| ૨. | સવિતાબેન તેજવીરસીંગ ચૌધરી | સાહેદ<br>(મૃતકના માતા) | ૧૭ |
| ૩. | કાજલબેન તેજવીરસીંગ ચૌધરી | સાહેદ<br>(મૃતકના બહેન) | ૨૫ |
| ૪. | અજય તેજવીરસીંગ ચૌધરી | સાહેદ<br>(મૃતકના ભાઈ) | ૨૬ |
| ૫ | ધર્મેન્દ્ર જયંતિલાલ પંચાલ | સાહેદ<br>(ફરીયાદીના મિત્ર) | ૨૭ |
| ૬. | ચિરાગ વિનોદભાઈ પટેલ | પંચસાહેદ<br>(ગુનાવાળી જગ્યાના પંચનામાના ) | ૨૮ |
| ૭. | અજયભાઈ જયેન્દ્રભાઈ મિસ્ત્રી | પંચ સાહેદ | ૩૧ |

| | | | |
|---|---|---|---|
| | | (ગુનાવાળી જગ્યાના પંચનામાના ) | |
| ૮. | ડો.નિરવ મહેશભાઈ રાણા | મેડીકલ ઓફીસર (મૃતકની લાશનુ પી.એમ. કરનાર ડોકટર) | ૩૫ |
| ૯. | દિવ્યેશ રમણલાલ સુથાર | પંચસાહેદ (ગેસ કનેકશન બુક તથા ફોટોગ્રાફસ કબ્જે કરવાના પંચનામાના ) | ૪૩ |
| ૧૦. | રોહીતભાઈ રમેશભાઈ સીંધવ | પંચસાહેદ (મૃતકનુ મંગળસુત્ર કબ્જે કરવાના પંચનામાના) | ૪૫ |
| ૧૧ | મીતેષ રોહીતભાઈ મિસ્ત્રી | પંચસાહેદ (ગેસ કનેકશન બુક તથા ફોટોગ્રાફસ કબ્જે કરવાના પંચનામાના ) | ૪૮ |
| ૧૨ | નટવરભાઈ મનસુખભાઈ ગોડ | તપાસ કરનાર અમલદાર | ૪૯ |

## –:: દસ્તાવેજી પુરાવાઓ ::–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદીની અસલ ફરીયાદ | ૧૨ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૨૯ |
| ૩. | મુદ્દામાલમાંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી | ૩૦ |
| ૪. | ઈન્કવેસ્ટ પંચનામુ | ૩૨ |
| ૫. | ભોગ બનનાર/મૃતક ના કપડા કબ્જે કરવાનુ પંચનામુ | ૩૩ |
| ૬. | આરોપીની શરીર સ્થિતિનુ પંચનામુ | ૩૪ |
| ૭. | મરણ જનારની લાશનુ પી.એમ. કરવા લખેલ યાદી | ૩૬ |
| ૮. | મરણોતર ફોર્મ | ૩૭ |
| ૯. | પી.એમ.નોટ | ૩૮ |
| ૧૦. | એફ.એસ.એલ. સર્ટિ. | ૩૯ |
| ૧૧ | મૃતકના મૃત્યુંનુ કારણ બતાવતુ કોઝ ઓફ ડેથ નુ સર્ટિ. | ૪૦ |

| | | |
|---|---|---|
| ૧૨ | આરોપીની શારીરીક તપાસ કરવા બાબતે લખેલ ચાદીની સ્થળ પ્રત | ૪૧ |
| ૧૩ | આરોપીના મેડીકલ કેસ પેપર્સ | ૪૨ |
| ૧૪ | ગેશ કનેકશન બુક તથા ફોટોગ્રાફસ કબ્જે કરવાનુ પંચનામુ | ૪૪ |
| ૧૫ | મૃતકનું મંગળસુત્ર કબ્જે કરવાનુ પંચનામુ | ૪૬ |
| ૧૬ | મુદ્દામાલમાંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી | ૪૭ |
| ૧૭ | પી.એસ.ઓ. એ નોંધેલી દવાખાના વર્ધી | ૫૦ |
| ૧૮ | અકસ્માત મોત | ૫૧ |
| ૧૯ | ગુનો રજી. કરી તપાસ સોંપવા અંગેનો હુકમ | ૫૨ |
| ૨૦ | પી.આઈ.શ્રી માંજલપુર પો.સ્ટે. એ ગુનો રજી. કરવા કરેલ હુકમ | ૫૩ |
| ૨૧ | ઈન્કવેસ્ટ ભરવા માટે એકઝી. મેજી.શ્રીને લખેલ ચાદીની સ્થળ પ્રત | ૫૪ |
| ૨૨ | એફ.એસ.એલ. મોબાઈલ ઈન્વે વાનનો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૫૫ |
| ૨૩ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવા અંગેનો ફોરવર્ડીંગ લેટર | ૫૬ |
| ૨૪ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવા અંગેની રવાનગી નોંધ | ૫૭ |
| ૨૫ | મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળ્યા બાબતની પહોંચ | ૫૮ |
| ૨૬ | એફ.એસ.એલ. સુરતને મુદ્દામાલ પરીક્ષણ કરવા બાબતે મોકલાવેલ તે અંગેનો ફોરવર્ડીંગ લેટર | ૫૯ |
| ૨૭ | એફ.એસ.એલ. સુરતને મુદ્દામાલ મોકલવા અંગેની રવાનગી નોંધ | ૬૦ |
| ૨૮ | એફ.એસ.એલ. સુરત ધ્વારા આપવામાં આવેલ પહોંચ | ૬૧ |
| ૨૯ | પી.આઈ.શ્રી માંજલપુર પો.સ્ટે. ધ્વારા એફ.એસ.એલ. સર્ટિ. રજુ કરવા લખેલ ચાદી | ૬૨ |
| ૩૦ | એફ.એસ.એલ. સર્ટિ. | ૬૩ |
| ૩૧ | માંજલપુર પો.સ્ટે. ધ્વારા એફ.એસ.એલ. સર્ટિ. રજુ કરવા લખેલ ચાદી | ૬૪ |

(૫) આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા ઉપરોકત મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કર્યા બાદ ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૬૬ થી કલોઝીંગ પુરશીશ રજુ કરી ફરીયાદ

પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો અને ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીનો વિશેષ જવાબ લેવામાં આવેલો જેમાં આરોપીએ આ કામે રજુ થયેલ પુરાવાનુ ખંડન કરેલ છે. આરોપી તરફે કોઈ સાહેદ તપાસવામાં આવેલા નથી કે પોતે કોઈ પુરાવો આપવા માંગતા નથી તેમ જણાવેલ છે. આરોપીએ વિશેષ નિવેદનમાં તેઓ નિર્દોષ છે અને તેઓએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. તેઓને ખોટો પુરાવો ઉભો કરી ખોટી રીતે આ કામે સંડોવી દેવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી કે.પી.ચૌહાણ ને સાંભળવામા આવ્યા. બચાવ પક્ષ તરફે વિ.વકીલ સુ. શ્રી બી.એસ.ત્રિવેદીની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

(૭) આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓનુ મુલ્યાંકન કરતા આ અદાલતના વિચાર–વિમર્શ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુદ્દાઓ</u> ::–**

(૧) શું ફરીયાદપક્ષ એમ પુરવાર કરે છે કે, મરણ જનારનું મૃત્યું આત્મહત્યા હતી?

(૨) શું ફરીયાદપક્ષ એ પુરવાર કરે છે કે, આરોપીએ મરનાર શશીબેનને તેણીના લગ્ન થયા ત્યારથી કરીને તા.૨૦/૧૨/૨૦૧૪ ના સમયગાળા દરમિયાનના લગભગ છ સાત મહીનાના લગ્નજીવન દરમિયાન અવાર નવાર ગાડી લેવા માટે રૂપિયા પાંચ લાખની માંગણી કરી ઝઘડો તકરાર કરી મારઝુડ કરી શારીરીક માનસીક દુ:ખ ત્રાસ આપેલો ?

(૩) શું ફરીયાદ પક્ષ એમ પુરવાર કરે છે કે આરોપીએ ગુજરનાર શશીબેનને શારીરીક તથા માનસીક દુ:ખ ત્રાસ આપી અસહય પરિસ્થિતિ ઉત્પન્ન કરી આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરતા તેણીએ જાતે તા.૨૦/૧૨/૧૪ ના કલાક ૧૨:૨૫ વાગતા પહેલા ધ્યેય

રેશીડેન્સીના 'સી' ટાવરના ચોથા માળેથી કુદકો મારી આત્મહત્યાં કરેલી?

(૪) શું હુકમ ?

(૮) આ કામે તપાસેલા સાહેદોની જુબાનીઓ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ તેમજ પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની મૌખિક તેમજ લેખિત દલીલો વિગેરે ઘ્યાને લેતાં ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) **હકારમાં**

(૨) **નકારમાં**

(૩) **નકારમાં**

(૪) **આખરી હુકમ મુજબ.**

**-:: કારણો ::-**

**મુદ્દા નં.૧ થી ૪ :**

(૯) ઉપરોકત તમામ મુદ્દાઓમાં કાયદા તથા હકીકતના સમાન પ્રશ્નો સંકળાયેલા હોઈ, પુરાવાની ચર્ચાનુ પુનરાવર્તન ટાળવાના હેતુસર તમામ મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે ફરીયાદ પક્ષ તરફે જે પુરાવો રજુ થયેલ છે તેમાં **સાહેદ નં.૧** તરીકે **તેજવીરસીંગ મુન્શીસીંગ ચૌધરી** જે આ કામના મુળ ફરીયાદી અને મરણ જનારના પિતા છે તેમને **આંક-૧૧** થી તપાસેલ છે. સાહેદ સર તપાસમાં જણાવે છે કે તેઓ સને ૧૯૮૧ થી વડોદરામાં રહે છે. તેમના પરીવારમાં તેમની પત્ની અને ચાર દિકરીઓ હતી જે પૈકી એક દિકરી શશીબેનનું અવસાન થયેલ છે. શશીબેનનું અવસાન પાંચેક વર્ષ પહેલા થયેલ. શશીબેને સત્યપાલ સાથે લગ્ન કરેલું કે કેમ તે ખબર ન હોવાનુ સાહેદ જણાવે છે પરંતુ તેમની દિકરી

શશીબેન સત્યપાલ સાથે માંજલપુરમાં રહેતી હતી, તે એક બિલ્ડીંગમાં ચોથા માળે રહેતી હતી. તેણીને કેવી રીતે રાખતા હતા તે ખબર ન હોવાનુ સાહેદ જણાવે છે. તેણી ઘરે આવતી હતી અને ટોર્ચરની વાત કરતી હતી. શશીબેને તેમની પાસે ગાડી લેવા માટે પૈસા માંગેલા હોવાનુ સાહેદ જણાવે છે ત્યારે તેમણે તેણીને જણાવેલ કે તેમની પાસે પૈસા નથી. ત્યારબાદ તેણીએ સાહેદને તેણી ગાડી લેવા માંગતી હોવાનુ જણાવેલ અને સાહેદે તેણીને રૂા.૩,૭૫,૦૦૦/– આપેલા. સાહેદ વધુમાં જણાવે છે કે તેમના ઉપર સત્યપાલનો ફોન આવેલો અને જણાવેલ કે તેમની દિકરીનુ એકસીડન્ટ થયેલ છે તે વખતે સાહેદ તેમની દિકરી જે ઠેકાણે રહેતી હતી તે ઠેકાણે ગયેલા. તેમની દિકરીને માથાના ભાગે તથા અન્ય ઠેકાણે વાગેલ હતું. તેઓ ગ્લોબલ હોસ્પિટલ ગયેલ જયા તેમની દિકરી મરણ ગયેલ હોવાની તેમને ખબર પડેલી. તેણીએ કયાં તો ટોર્ચરના કારણે આત્ય હત્યા કરેલી અથવા તો તેણીને મારી નાંખવામાં આવેલ છે તેવુ સાહેદ જણાવે છે. તેમણે આ બાબતની ફરીયાદ પોલીસમાં આપેલી.

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં સાહેદે તે હકીકત કબુલ રાખેલ છે કે સત્યપાલ તેના પત્ની અને બાળકો સાથે રહેતો હતો અને બનાવ પહેલા તેમને સત્યપાલ સાથે સારા સબંધો હતા. સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે તેમને સત્યપાલ પાસેથી રૂા.૫૦,૦૦૦/ લીધેલા અને સત્યપાલ તેમના મકાનમાં રહેતો હતો ત્યારે તેની પાસે આઈટેન કાર હતી. સાહેદ એ હકીકત પણ કબુલ રાખે છે કે શશીબેનના લગ્ન નકકીં કર્યા બાદ તેણીના લગ્ન થયેલા નહી. સાહેદ એ હકીકત પણ કબુલ રાખે છે કે તા.૨૯/૩/૧૪ પછી તેમની દિકરી શશીબેન અન્ય ઘરમાં રહેવા ચાલી ગયેલ. શશીબેન ધ્યેય રેશીડેન્સીમાં રહેતી હતી કે કેમ તે ખબર ન હોવાનુ સાહેદ જણાવે છે. સાહેદ ધર્મેશ જયંતિલાલ પંચાલને ઓળખતા હોવાનુ જણાવે છે. તેમની દિકરી શશીએ ચીઠ્ઠીમાં એવુ લખેલ હોય કે ''તા.૨૭/૯/૧૪ પછી કંઈ થાય તો તે બાબતે ફેમીલીમાંથી કોઈ જવાબદાર નથી.'' તેવુ તેમને ખબર નથી. સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે તેમણે તેમની ફરીયાદમાં એવુ લખાવેલ છે કે ''તેણીનો પતિ ગાડી લેવા માટે નાણાંની જરૂર હોય

તો તુ તારા પિતા પાસેથી ગાડી લેવા માટે રૂપિયા પાંચ લાખ લઈ આવ''  તેમની દિકરી શશીએ રકીબ પાસેથી રૂા.૧,૮૦,૦૦૦/– લીધેલા હોય તેની તેમને ખબર ન હોવાનુ સાહેદ જણાવે છે. સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે શશીએ બધા પાસેથી ઉધાર લીધેલી રકમ તેણી ચુકવી ન શકતા તેણીએ આત્મ હત્યાં કરેલી. સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે તેમની દિકરી જયારે અલગ રહેતી હતી ત્યારે તેઓ તેણીના ઘરે ગયેલા નથી અને તેથી તે કેવી રીતે રહેતી હતી તે તેઓ કહી શકે નહીં.

(૧૧) ફરીયાદ પક્ષે **સાહેદ નં.ર** તરીકે **સવિતાબેન તેજવીરસીંગ ચૌધરી** જેઓ મરણ જનારની માતા છે તેમને **આંક–૧૭** થી તપાસેલ છે. સાહેદ સર તપાસમાં જણાવે છે કે તેમને સંતાનમાં ચાર દિકરીઓ અને એક દિકરો છે જેમાં સૌથી મોટી દિકરી શશી છે, તે પરણીત ન હતી, તે ગુજરી ગયેલ છે. તેમની દિકરી દરબાર ચોકડી પાસે આવેલ એપાર્ટમેન્ટમાં ચોથા માળે રહેતી હતી. તેમની દિકરી શશીના ઘરે કોણ હતુ તે તેમને ખબર નથી. તેમની દિકરી શશી સાથે શું બનાવ બનેલો તે પણ ખબર નહોવાનુ સાહેદ જણાવે છે. સાહેદ વધુમાં જણાવે છે કે બપોરના સાડા અગીયાર પોણાબાર વાગ્યાની આસપાસ તેમની દિકરી કાજલના ફોન ઉપર સત્યપાલનો ફોન આવેલો અને જણાવેલ કે શશીનો એકસીડન્ટ થયેલ છે અને શશીને ગ્લોબલ હોસ્પિટલમાં લઈ ગયેલ છે તેથી સાહેદ ગ્લોબલ હોસ્પિટલમાં ગયેલ જયાં ડોકટરે જણાવેલ કે શશી ગુજરી ગયેલ છે. તેમની દિકરીને ખુબ વાગેલ હતું, તેને કપાળના ભાગ ઉપર વાગેલ હતુ અને હાથ પગ થોડા વાંકા થઈ ગયેલ હતા. તેમની દિકરી ચોથા માળેથી પડી ગયેલ હતી. બનાવ કેવી રીતે બનેલો, શું થયેલ તે તેમણે જાણેલ ન હોવાનું સાહેદ જણાવે છે. તેમની દિકરી શશીને સત્યપાલનો ત્રાસ હતો, ઘણીવાર તેણીને મરેલું. સાહેદ જણાવે છે કે તેણી એક વખત તેના ઘરે ગઈ તે વખતે તેના ગળાના ભાગમાં નખોરીયાના નિશાન હતા, તે કેમ આવુ કરતો હતો તે જાણતા ન હોવાનુ સાહેદ જણાવે છે. તેમની દિકરીને ત્રાસ હતો. તેમની દિકરી ઘરે આવતી હતી અને તે પૈસાની માંગણી કરતી હતી હતી અને તે ગાડી લેવા માટે રૂપિયા પાંચ લાખ ની માંગણી કરેલી ત્યારે તેમને ખબર

પડેલી. તેમની દિકરીએ પૈસાની માંગણી કરેલી પરંતુ તેમની પાસે તેટલા નાણાં ન હતા તેથી સગવડ થશે ત્યારે આપીશું તેવુ તેણીને જણાવેલું. જેથી તેમની દિકરી જતી રહેલી અને પછી તે પરત આવેલ ન હતી તેપછી તેમણે તેણીને રૂા.૩,૭૫,૦૦૦/– આપેલ હતા તે પછી શું થયુ તે જાણતા ન હોવાનુ સાહેદ જણાવે છે. સાહેદ વધુમાં જણાવે છે કે તેમની દિકરીના ઘરમાં હતુ નહીં તેવુ તેણીને પુછતા હતા પરંતુ તેના મેતે તેણીએ બધુ કરેલ હતું.

બચાવ પક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ જણાવે છે કે તેઓ આકાશગંગા સોસાયટીમાં મકાન નં.૧૩૨૭ માં છેલ્લા ૧૭ વર્ષથી રહે છે. આરોપી સત્યપાલ આકાશગંગા સોસાયટીમાં મકાન નં.૧૩૨૬ માં રહેતા હતા. આરોપી સત્યપાલના ઘર સાથે સારા સબંધો હોવાની હકીકત સાહેદ કબુલ રાખે છે. સાહેદ સ્વેચ્છાએ એક વખત સત્યપાલના ઘરે ગયેલ હોવાનુ જણાવે છે અને માત્ર મકાનનુ ભાડુ લેવા જતા હતા. આરોપી સત્યપાલ શ્રીકુંજમા રહેતા હતાં ત્યારે તેમણે બીજી ગાડી વેચાતી લીધેલી કે કેમ તે વાતની ખબર ન હોવાનુ સાહેદ જણાવે છે. સાહેદ વધુમાં જણાવે છે કે આશરે ૨૦૧૩ ન સાલમાં તેમની દિકરી શીલ્પા અને પુનમના લગ્ન થયેલ. સાહેદ એ હકીકત કબુલ રાખતા નથી કે શશીના લગ્ન અમદાવાદ મુકામે નકકીં કરેલા અને લગ્નના બે દિવસ પહેલા શશીએ લગ્નની ના પાડતા સાહેદે તેણીને મારકુટ કરેલી અને ઘરમાંથી કાઢી મુકેલી. શશી અમુક સમય માટે તેણીની બેનપણે જયાના ઘરે રહેતી હતી તે હકીકત ખબર ન હોવાનુ સાહેદ જણાવે છે. શશીના મૃત્યુ બાદ તેણીના ઘરમાંથી એક ચીઠ્ઠી મળી આવેલ હોવાની હકીકત જાણતા ન હોવાનુ સાહેદ જણાવે છે.

(૧૨) ફરીયાદ પક્ષે **સાહેદ નં.૩** તરીકે **કાજલબેન તેજવીરસીંગ ચૌધરી** જેઓ મરણ જનારની બહેન થાય છે તેમને **આંક–૨૫** થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ સર તપાસમાં જણાવે છે કે તેમને ત્રણ બહેનો અને એક ભાઈ છે જેમાં સૌથી મોટી શશી હતી તેમની બહેન શશી અપરણીત છે, આરોપી સત્યપાલ અગાઉ તેમના મકાનમા ભાડેથી રહેતો હોય સાહેદ તેમને ઓળખતી હોવાનુ જણાવે છે. બનાવ આશરે ૨૦૧૪

ની સાલમાં બનેલો. બનાવ સમયે તેમની મોટી બહેન ધ્યેય રેશીડેન્સીમાં ચોથા માળે રહેતી હતી. તેમની મોટી બહેને ચોથા માળેથી નીચે કુદીને આત્મહત્યા કરેલી. તેમની મોટી બહેને આ પગલુ કયા કારણોસર ભરેલુ તેની તેમને જાણ નથી. બનાવ સમયે ૨–૩ દિવસ સુધી તેમને તેમની મોટી બહેન સાથે વાતચીત થયેલ ન હતી. બનાવ સમયે તેણી તેના ઘરે હતી તે વખતે આરોપી સત્યપાલનો સાહેદને ફોન આવેલો અને કહેલ કે તમારી મોટી બહેનનો એકસીડન્ટ થયેલ છે ત્યારબાદ સાહેદના કાકા, ભાઈ વિગેરે ગ્લોબલ હોસ્પિટલ ગયેલા જયાં તેમના પિતા પણ આવી ગયેલા. તેમના માતાપિતા તથા ભાઈ ગ્લોબલ હોસ્પિટલ પહોંચ્યા તે વખતે તેમની બહેન ગુજરી ગયેલ હતી. તેમની બહેન શશીએ શા કારણોસર આ પગલુ ભર્યુ તે આજદીન સુધી તેમને ખબર પડેલ ન હોવાનુ સાહેદ જણાવે છે. આરોપીએ તેમની બહેન શશી પાસે ગાડી લેવા માટે રૂપિયા પાંચ લાખ ની માંગણી કરી અને શારીરીક અને માનસીક ત્રાસ આપેલ તેવી હકીકત સાહેદ કબુલ રાખતા નથી. સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ તેમના પોલીસ રૂબરૂ નિવેદનમાં લખાવેલ હકીકતોનો ઈન્કાર કરે છે.

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે તેણી આરોપી સત્યપાલને છેલ્લા બારેક વર્ષથી ઓળખે છે કારણ કે તે તેણીના પિતાની માલીકીના મકાનમાં ભાડેથી રહેતો હતો. સાહેદ એ હકીકત પણ કબુલ રાખે છે કે તેણીના કુટુંબ સાથે આરોપી સત્યપાલના સબંધો સારા હતા અને આરોપી સત્યપાલ અને તેમના પિતા એકબીજાને ગાડીની જરૂર હોય ત્યારે ગાડી આપતા હતા. સાહેદ એ હકીકત પણ કબુલ રાખે છે કે તેમની બહેન શીલ્પા અને શશીની સગાઈ નકકીં કરવામાં આવેલી અને સગાઈ થઈ તેમાં શીલ્પાના લગ્ન થઈ ગયેલા પરંતુ શશીએ લગ્ન કરવાની ના પાડેલ હતી. શશીને એટલા માટે લગ્ન કરવુ ન હતુ કે તે તેણીના પિતાને એવુ કહેતી કે હું બધા ભાઈ બહેનોને ભણાવીશ અને તેમને મોટા કરીશ અને તે લોકોને ટ્રેન કર્યા પછી હું લગ્ન કરીશ. શશીએ લગ્ન કરવાની ના પાડતા તેમને પિતાજી સાથે બોલાચાલી થયેલ

હોવાની હકીકત સાહેદ કબુલ રાખે છે અને તે કારણે શશીને ખુબજ મનદુ:ખ થયેલ હોવાનુ પણ સાહેદ કબુલ રાખે છે અને જે દિવસે બોલાચાલી થઈ અને મનદુ:ખ થયુ તે રાત્રે તેમની બહેન તેણીની મિત્ર જયાના ઘરે રહેવા માટે જતી રહેલ અને ત્યારબાદ સાહેદના માતાપિતાએ તપાસ કરતા શશી જયાના ઘરે છે તેવી જાણ થયેલ. તે સમયથી શશી ૪૦૧, ધ્યેય રેશીડેન્સીમાં ભાડેથી રહેવા ગયેલ અને ત્યાં શશી એકલી રહેતી હોવાનુ સાહેદ કબુલ રાખે છે. સતપાલ તેમની બહેનની માનસીક અને શારીરીક ત્રાસ આપતો હોવાની તેણી કુદી પડેલ હોવાની હકીકત સાહેદ કબુલ રાખતા નથી. સતપાલે તેમની બહેન સાથે કયારેય લગ્ન કરેલ નથી કે તેણીને માનસીક કે શારીરીક ત્રાસ આપેલ નથી.

(૧૩) ફરીયાદ પક્ષે **સાહેદ નં.૪** તરીકે **અજય તેજવીરસીંગ ચૌધરી** જેઓ મરણ જનારના ભાઈ થાય છે તેમને **આંક–૨૬** થી તપાસેલ છે. તેઓ સાહેદ નં.૩ ને મળતી આવતી જુબાની કોર્ટ રૂબરૂ આપે છે.

(૧૪) ફરીયાદ પક્ષે **સાહેદ નં.૫** તરીકે **ધર્મેન્દ્ર જયંતિલાલ પંચાલ** જેઓ આ કામના ફરીયાદી સાહેદ નં.૧ ના મિત્ર છે તેમને **આંક–૨૭** થી તપાસેલ છે. સાહેદ સર તપાસમાં જણાવે છે કે તેજવીરસીંગ મુન્સીસીંગ ચૌધરી તેમના મિત્ર થાય છે, તેમને ચાર સં તાન છે જેમાં સૌથી મોટી શશી ઉ.વ.૩૦ ની હતી. સતપાલ મનકુલ શેરાવત ને તેમના મિત્ર તેજવીરસીંગની દિકરી શશીના પ્રેમી હોવાથી તેઓ ઓળખે છે. તેમના મિત્ર તેજવીરસીંગની દિકરી શશી માંજલપુરમાં ફલેટમાં ત્રીજા માળે રહેતી હતી. ફલ ેટનુ નામ હાલ તેમને યાદ નથી. બનાવ આશરે પાંચ છ વર્ષ પહેલા બનેલો. તેઓ તેમની ઓફીસમાં હતા ત્યારે આશરે સવારના અગીયાર વાગ્યે તેજવીરસીંગનો ફોન આવેલો અને ગ્લોબલ હોસ્પિટલ જવાનુ છે તેવુ  જણાવેલુ. વધુમાં જણાવેલ શશીને પ્રોબ્લેમ થયેલ છે તેથી હોસ્પિટલ જવાનુ છે તેથી સાહેદ તેજવીરસીંગ જોડે હોસ્પિટલ જવા નીકળેલા. હોસ્પિટલ પહોંચ્યા ત્યારે શશી પથારીમા હતી અને ગુજરી ગયેલ હતી. તેમને જાણવા મળેલ કે શશી ત્રીજા માળેથી પડી ગયેલ

તેથી તેણીને માથામા વાગેલુ અને તેથી તેણી ગુજરી ગયેલ. આ સિવાય અન્ય કોઈ હકીકત તેમને માલુમ પડેલ નહીં. તેમની હાજરીમાં કોઈ વ્યકિત મળેલ હોય અને પોલીસને કાંઈ સોંપેલ હોય તેવુ બનેલ ન હોવાનુ સાહેદ જણાવે છે. મૈ. શશી ને આરોપી સતપાલ હેરાન કરી શારીરીક માનસીક ત્રાસ આપી રૂપિયા પાંચ લાખની માંગણી કરતા હોવાથી શશીએ આ પગલુ ભરેલ હોવાની હકીકત સાહેદ કબુલ રાખતા નથી તેમજ તેઓ મૈયત શશીના ફલેટ ઉપર ગયેલ હોય અને તેમને કોઈ લખાણવાળો કાગળ મળેલ હોય અને તેને પંચોની હાજરીમાં પોલીસને સોંપેલ હોય તેવુ પણ બનેલ ન હોવાનુ સાહેદ જણાવે છે. સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે અને ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થનકારી કોઈ હકીકત જણાવતા નથી.

(૧૫) ફરીયાદ પક્ષે **સાહેદ નં.૬** તરીકે **ચીરાગ વિનોદભાઈ પટેલ** ને **આંક-૨૮** થી તપાસેલ છે. આ સાહેદ બનાવવાળી જગ્યાનુ પંચનામુ જેને આંક-૨૯ આપવામાં આવેલ છે તેના પંચસાહેદ છે. આ સાહેદ પંચનામાની હકીકતોને કોઈ સમર્થન પુરૂ પાડતા નથી.

(૧૬) ફરીયાદ પક્ષે **સાહેદ નં.૭** તરીકે **અજયભાઈ જયેન્દ્રભાઈ મિસ્ત્રી** ને **આંક-૩૧** થી તપાસેલ છે. આ સાહેદ પણ આંક-૨૯ બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ છે અને તેઓ પણ પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી.

(૧૭) ફરીયાદ પક્ષે **સાહેદ નં. ૮** તરીકે **ડો. નિરવ મહેશભાઈ રાણા** જેઓ મરનારની લાશનુ પી.એમ. કરનાર ડોકટર છે તેમને **આંક-૩૫** થી તપાસેલ છે. આ સાહેદ સર તપાસમાં જણાવે છે કે તા.૨૦/૧૨/૧૪ ના રોજ તેઓ સરકારી મેડીકલ કોલેજ, વડોદરા ખાતે ફોરેન્સીક મેડીસીન વિભાગમાં તેમની ફરજ ઉપર હાજર હતાં ત્યારે માંજલપુર પો.સ્ટે.ની પોલીસ યાદી સાથે એ.એસ.આઈ. વેલજીભાઈ

રાયસીંગભાઈ, બ.નં.૧૮૨૬ ના એક સ્ત્રીની લાશ લઈને આવેલા જેનુ પી.એમ. કરવાનુ હતુ. તે લાશ એક સ્ત્રીની હતી, લાશ ઓળખાયેલ હતી. લાશનો બાંધો મજબુત હતો, શરીર જકડાઈ જવાની ક્રિયા શરૂ થઈ ગયેલ હતી. મૃત્યુ પછી જોવા મળતા શબના ચીન્હો પીઠના ભાગે હતા જે સ્થાઈ ન હતા. આંખ અને મોઢુ ખુલ્લા હતા.જમણા નાક અને જમણા કાનમાંથી લોહી બહાર આવી ગયેલ હતું. લાશ ઉપર નીચે મુજબની બાહ્ય ઈજાઓ જોવા મળેલ હતી.

ઈજા નં.૧: કપાળ ઉપર ડાબી આઈબ્રોની બે સી.મી. ઉપરની બાજુએ ૧.૫×૦.૫ સે.મી. × બોન ડીપ એક છુંદાયેલો ઘા હતો.

ઈજા નં.૨: ડાબા કપાળ ઉપર આઈબ્રોની સાથે ૩×૨.૫ સે.મી.×બોનડીપ એક છુંદાયેલો ઘા હતો જેની આસપાસ ૩×૨ સે.મી.નુ છોલાયેલ હતું.

ઈજા નં.૩: ડાબા ગાલ ઉપર કાનની આગળની બાજુએ ૬×૪ સે.મી.નુ છોલાયેલ હતુ જેની સાથે નીચના ભાગે છોલાયેલ હતુ અને નીચેનો સાંધો ડીસલોકેટ થઈ ગયેલ હતો.

ઈજા નં.૪: ડાબા ગાલ ઉપર મોઢાની બાજુએ ૫×૩ સે.મી. નો છોલાયેલ ચકામો હતો અને નીચેનુ હાડકુ તુટી ગયેલ હતુ.

ઈજા નં.૫: દાઢીમા ડાબી બાજુએ નીચેની બાજુએ ૪×૨ સે.મી, ૨×૧ સે.મી. છોલાયેલ હતુ અને નીચેનુ હાડકુ તુટી ગયેલ હતુ અને તેના દાંત ઢીલા થઈ ગયેલ હતા.

ઈજા નં.૬: છાતીમા ઉપરની બાજુએ અને ડાબા ભુજામા આગળના ભાગે ૦.૪ × ૦.૪ થી ૦.૬×૦.૬ સે.મીના ઘણા બધા નાના છોલાયેલા નિશાન હતા.

ઈજા નં.૭: ડાબી ભુજાના બહારના ભાગે ૧૦×૦.૩ સે.મી.નો એક ઘસરકો હતો.

ઈજા નં.૮: ડાબા હાથના ભાગે ૧૨×૬ સે.મી.નુ છોલાયેલ હતું.

ઈજા નં.૯: ડાબા હાથના મધ્ય ભાગે એક ૨.૫ ×૦.૮ સે.મી.× બોનડીપ છુંદાયેલો ઘા હતો અને તેની નીચેના રેડીયસ અને અલનાના હાડકા તુટી ગયેલ હતા.

ઈજા નં.૧૦: ડાબી કોણીના પાછળના ભાગે ૧ ×૦.૫ સે.મી. × મશલ ડીપ એક છુંદાયેલો ઘા હતો અને ડાબા કાંડાનો સાંધો ડીસ લોકેટ થઈ ગયેલ હતો.

ઈજા નં.૧૧: ડાબા હાથની પહેલી આંગળી પર પાછળની બાજુએ ૦.૫×૦.૫ સે.મી. નુ છોલાયેલ હતું.

ઈજા નં.૧૨: જમણા હાથમાં નીચેના ભાગે ૩×૨ સે.મી.નુ છોલાયેલ હતુ અને કોણી તેમજ કાંડાના ભાગમાં સાંધા ડીસલોકેટ થઈ ગયા હતા.

ઈજા નં.૧૩: જમણા પગના અંદરની બાજુએ ૦.૫ ×૦.૫ સે.મી.ના છોલાયેલ હતુ.

ઈજા નં.૧૪: જમણા પગના ચોથા અને છેલ્લા અંગુઠા ઉપર ૦.૫ ×૦.૫ સે.મીનુ છોલાયેલ હતું.

ઉપર દર્શાવેલી બધી ઈજાઓ મૃત્યું પહેલાની હતી. ત્યારબાદ સાહેદ લાશ ઉપર જોવા મળેલ આંતરીક ઈજાઓનુ વર્ણન જણાવે છે જે નીચે મુજબ છે.

પારા નં.૧૯ : માથા ઉપર ચામડીની અંદરની બાજુએ લોહી જામી ગયેલ હતુ. બંને ફ્રન્ટલ અને ડાબા ટેમ્પોરલ હાડકામા ઘણા બધા ફ્રેકચર થઈ ગયેલ હતા અને તે ફ્રેકચર લાઈન ખોપરીના આગળના ભાગે જતી રહેલી. મગજ ની ઉપરની ત્વચા આગળની બાજુએ ફાટી ગયેલ હતી. મગજ બંને ફ્રન્ટલ અને ડાબા ટેમ્પોરલ વાલ ઉપર છુંદાઈ ગયેલ હતુ. આખા મગજ ઉપર સબ એરેકનોઈડ હેમરેજ હતુ. મગજ ફીકકુ પડી ગયેલ હતું.

પારા નં.૨૦: સ્ટર્નમ હાડકુ બીજી પાંસળી પાસે તુટી ગયેલ હતુ અને તેની આસપાસના એરીયામાં લોહી જામી ગયેલ હતુ. બંને ફેફસા ફીકકા પડી ગયેલ હતા. હૃદયનુ વજન ૨૯૦ ગ્રામ હતુ. કોરોનરી ધમની સામાન્ય હતી.

પારા નં.૨૧ : પેટના પોલાણમાં આશરે ૧.૫ લીટર લોહી ભરાયેલ હતુ. હોજરીની અંદર ૫૦ શીશી જેટલુ ક્રિમ કલરનુ પ્રવાહી હતુ. લીવર ઉપર જમણી બાજુએ ૭×૦.૮×૦.૩ સે.મી. લાંબો છુંદાયેલ ઘા હતો. લીવરની પાછળની બાજુએ ઘણા બધા ટીયર હતા. બરોળ ઉપર ઘણા બધા

ટીયર હતા. ડાબી મુત્રપીંડ ની આસપાસ લોહી જામી ગયેલ હતુ. મીઝેન્ટ્રીમાં લોહી જામી ગયેલ હતુ. પેટના બધા અવયવો ફીકા પડી ગયેલ હતા. થાપાના બંને હાડકા તુટી ગયેલ હતા અને તેની આસપાસ લોહી જામેલ હતુ. આંતરીક જનનેદ્રીય સામાન્ય હતા.

આ વ્યકિતનું મૃત્યું શરીર ઉપર થયેલ ઘણી બધી ઈજાઓને કારણે આઘાત લાગવાથી તેમજ રકતસ્ત્રાવ થવાથી થયેલ હતું. મૃત્યુંનુ કારણ કેમીકલ એનાલીસીસ માટે પેન્ડીંગ રાખેલું. કેમીકલ એનાલીસીસ નો રીપોર્ટ સાહેદ ને બતાવવામાં આવતા તે જોઈને સાહેદ જણાવે છે કે મરનારનુ મૃત્યુ કોઈ વિષપ્રયોગ કરવાના કારણે અથવા કોઈ કેમીકલ કન્ઝયુમ કરવાના કારણે થયેલ નથી.

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે આંતરીક ઈજા તેમજ બાહ્ય ઈજા એકબીજાને સંલગ્ન હતી અને લોહીનો સ્ત્રાવ થઈ જવાના કારણે બાકીના અવયવો ફીકકા પડી જાય છે.

(૧૮) ફરીયાદ પક્ષે **સાહેદ નં.૯** તરીકે **દિવ્યેશ રમણલાલ સુથાર** જેઓ આંક–૪૪ ના મરણ જનારના ઘરમાંથી ફોટોગ્રાફસ વિગેરે કબ્જે લેવા અંગેના પંચનામાના પંચ છે તેઓએ **આંક–૪૩** ના પુરાવામાં પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે.

(૧૯) ફરીયાદ પક્ષે **સાહેદ નં.૧૦ રોહીત રમેશભાઈ સીંઘવ** જેઓ આંક–૪૬ જે મરણ જનારનુ મંગળસુત્ર રજુ કરાના ડીસ્કવરી પંચનામાના પંચ સાહેદ છે તેઓએ **આંક –૪૫** ના પુરાવામા પંચનામાની હકીકતોને સમર્થન કરતાન હોય ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે.

(૨૦) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૧ **મીતેષ રોહીતભાઈ મિસ્ત્રી** જેઓ આંક–૪૪ ના મરણ જનારના ઘરમાંથી ફોટોગ્રાફસ વિગેરે કબ્જે લેવા અંગેના પંચનામાના પંચ છે તેઓએ

**આંક–૪૮** ના પુરાવામાં પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે.

(૨૧) ફરીયાદ પક્ષે **સાહેદ નં.૧૨** તરીકે **નટવરભાઈ મનસુખભાઈ ગોડ** જેઓ આ કામના ગુન્હાની તપાસ કરનાર અમલદાર છે તેમને **આંક–૪૯** થી તપાસેલ છે. સાહેદ સર તપાસમાં જણાવે છે કે ડીસેમ્બર ૨૦૧૪ ના અરસામાં વડોદરા માંજલપુર પો.સ્ટે.માં પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતાં તે વખતે તા.૨૦/૧૨/૧૪ ના રોજ સયાજી જનરલ હોસ્પિટલમાંથી ડયુટી કોન્સ્ટેબલે વર્ધી લખાવેલ કે માંજલપુર વિસ્તારમાં આવેલ એક એપાર્ટમેન્ટના ચોથા માળેથી એક સ્ત્રી પડી જતા ગંભીર હાલતમાં ૧૦૮ માં સયાજી જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવેલ છે. તેણીનુ નામ શશી સતપાલસીંગ શેરાવત, ઉ.વ.૩૦ અને તે સત્રી મરણ પામેલ છે તે બાબતની વર્ધી માંજલપુર પો.સ્ટે.માં મળતા પી.એસ.ઓ. ધ્વારા તેની નોંધ કરવામાં આવેલ અને અકસ્મત મોત નં.૬૮/૧૪ થી દાખલ કરવામાં આવેલ. સદર અકસ્માત મોત નોંધના આધારે સાહેદે આ કામની તપાસ શરૂ કરેલી અને ફરીયાદી તેજવીરસીંગ જે મરણ જનારના પિતાશ્રી છે તેમની આંક–૧૨ વાળી ફરીયાદ લેવામાં આવેલી જેના આધારે ગુનો દાખલ કરવા માટે હુકમ કરેલો અને આગળની તપાસ સાહેદ તરફ મોકલી આપવામાં આવેલ. સાહેદે તેમની સર તપાસમાં ગુન્હાની તપાસ અંગે તેમણે કરેલી કાર્યવાહીનુ વિવરણ જણાવે છે. સાહેદ જણાવે છે કે તેમણે તેમની તપાસ દરમ્યાંન સાહેદ ધર્મેશ જશવંતલાલ પંચાલનુ નિવેદન નોંધેલુ અને તેમણે તા.૩૧/૧૨/૧૪ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ કે ''અમો તેમજ આરોપી સત્યપાલના ભાઈ સંદિપ શેરાવત, રહે.મોહનપુર. પો.નાગલ. જી.મહીન્દરગઢના સાથે આરોપી પાસેની ગાડી કે જેનો નં.જી જે ૬ એચએલ ૯૪૪૩ ના કાગળો બાબતે આરોપીના રહેણાંક મકાન ધ્યેય રેશીડેન્સી મકાન નં.૪૦૧ ખાતે તપાસ કરતા અમોને કબાટમાંથી એક કોરા કાગળમાં અંગ્રેજીમાં લખેલ લખાણ મળી આવેલ છે જે કાગળના મથાળે તા.૨૭/૯/૨૦૧૪ અંગ્રેજી માં લખેલ છે જેમાં પ્રથમ લીટીમાં જોતા '' Me apni marzi se satyapal se alag

ho rhi hu or apni marzi se hi ayi thi. Mere saath 27/09/14 ke baad kuch bhi galat hota hai to na mere ghar se ya satypal kisi ke zimedari nai hai. aage mere sath kuch bhi galat hota hai to us ki zimedaar me khud rahugi.'' તેવા લખાણ વાળી એક ચીઠ્ઠી મળેલી જે ચીઠ્ઠી મૈ.શશીના હસ્તાક્ષરના લખાણવાળી હતી જે હું રજુ કરુ છું.'' આ અંગે સાહેદ વધુમાં જણાવે છે કે આ ચીઠ્ઠી જોતા તા.૨૭/૯/૨૦૧૪ એટલે કે આ બનાવ બન્યાના આશરે બે માસ ઉપરાંતના સમયગાળામાં લખાયેલ હોય જે ચીઠ્ઠી તેમના માનવા મુજબ આ સતપાલે શશી પાસે કોઈપણ રીતે લખાવી ઘરમા રાખી મુકેલ હોવાનુ તેમનુ માનવુ છે તેવુ પણ નિવેદનમાં લખાવેલું.''

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ સાહેદ ધર્મેન્દ્ર જશવંતલાલ પંચાલના નિવેદનમાં લખાવેલ ઉપરોકત હકીકત કબુલ રાખે છે. સાહેદ એ હકીકત પણ કબુલ રાખે છે કે સદર સ્યુસાઈડ નોટ પાછળ મરનારે કોની કોની પાસેથી ઉછીના પૈસા લીધેલ તેનો હિસાબ લખેલ છે. આ સ્યુસાઈડ નોટની પાછળ દર્શાવેલ નામની તેમણે તપાસ કરેલી કે કેમ? તે યાદ ન હોવાનુ સાહેદ જણાવે છે.

(૨૨) ઉપરોકત પુરાવાના અનુસંધાને ફરીયાદ પક્ષ તરફે દલીલ કરતા વિ.એ.પી.પી.શ્રી કે.પી.ચૌહાણ ફરીયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદો ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થન કરતા ન હોય યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૨૩) બચાવ પક્ષ તરફે દલીલ કરતા વકીલ સુ.શ્રી ભુમિકાબેન ત્રિવેદી જણાવે છે કે, આ કામે તપાસ દરમ્યાંન મરણ જનારે બનાવના ત્રણ માસ અગાઉ લખેલ ચીઠ્ઠી મરણ જનારના ઘરમાંથી મળેલ હતી જે ચીઠ્ઠીમાં તેણીએ ભરેલ પગલા માટે કોઈ અન્ય વ્યકિત જવાબદાર ન હોવાનુ લખેલ છે જે હકીકત ધ્યાનમાં લેતાં મરનારનના અપમૃત્યું માટે હાલના આરોપી જવાબદાર થતા નથી. તેમની વધુમાં રજુઆત છે કે આરોપી અને મરણ જનાર સાથે રહેતા ન હતા અને તે સંજોગોમાં હાલના આરોપીએ મરણ જનારને શારીરીક માનસીક ત્રાસ આપેલ હોય તેવુ પુરવાર થતુ નથી તેમજ બનાવના તુરત અગાઉ હાલના આરોપીએ મરણ જનારને કોઈ શારીરીક

કે માનસીક ત્રાસ આપેલ હોય અને જેના કારણે મરણ જનારે આત્મહત્યાનુ આત્યંતીક પગલુ ભરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ .પર આવતી નથી જે તમામ હકીકતો ધ્યાનમાં લેતાં ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપવામાં આવેલ ગુન્હો નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનુ ઠરાવી આરોપીને બીનતહોમત છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૨૪) પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. મુદ્દા નં.૧ બાબતે સાહેદ નં.૮ ડો.નિરવ મહેશભાઈ રાણા ની જુબાનીમાં જણાવ્યાં મુજબ મરણ જનારનુ મૃત્યું શરીર ઉપર થયેલ ઘણી બધી ઈજાઓને કારણે આઘાત લાગવાથી રકતસ્ત્રાવ થવાથી થયેલ હતું. તેમની ઉલટ તપાસમાં સાહેદ કોઈ વ્યકિત ચોથા માળેથી કુદે તો આ પ્રકારની ઈજાઓ થઈ શકતી હોવાનુ કબુલ રાખે છે તેમજ ફરીયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદોએ પણ મરણ જનારે આત્મહત્યા કરેલ હોવાનુ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે જે હકીકતો ધ્યાનમાં લેતાં મરણ જનારનુ મૃત્યું એ આત્મહત્યા પ્રકારનુ હતુ તે હકીકત પુરવાર થાય છે અને તેથી મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૨૫) મુદ્દા નં.૨-૩ સંદર્ભે જોવામાં આવે તો આ કામે ફરીયાદી ધ્વારા જે ફરીયાદ આપવામાં આવેલ છે તે આંક-૧૨ થી રજુ છે જે ફરીયાદ વંચાણે લેતાં તેમાં ફરીયાદીએ એવી હકીકત લખાવેલ છે કે ''આ મારી દિકરી શશીબેને અગાઉ અમારા મકાનમાં ભાડેથી રહેતા સત્યપાલ મનફુલ શેરાવત સાથે છેલ્લા ૬-૭ માસથી પ્રેમ લગ્નકરેલ હોય અને મારી દિકરી શશી પ્રેમ લગ્ન કર્યા બાદ સત્યપાલ મનફુલ શેરાવત સાથે ધ્યેય રેશીડેન્સીમાં મકાન નં.૪૦૧, ચોથા માળે, સ્ટેલા મેરી સ્કુલની સામે ભાડેથી રહેતી હોય અને આ સત્યપાલે શેરાવત ટ્રાન્સપોર્ટને લગતુ કામ કરતો હોય આ મારી દિકરી અવારનવાર અમારા ઘરે આવતી જતી હતી તે દરમ્યાંન મ ને તથા મારી પત્ની તથા દિકરી કાજલ અને ઘરના સભ્યોને કહેતી હતી કે તેણીનો પતિ ગાડી લેવા માટે નાણાંની જરૂર હોય તું તારા પીયરમાંથી તારા પિતાજી પાસેથી મારે ગાડી લેવા

માટે રૂપિયા પાંચ લાખ લઈઆવ તેમ જણાવી નાણાંની માંગણી કરતો હોવાની અને તેના માટે માનસીક, શારીરીક ત્રાસ આપી ટોર્ચર કર્યા કરતો હોવાની હકીકત અમોને જણાવતા ત્યારે અમો તેણીને હાલ પૈસાની વ્યવસ્થા થાય તેમ નથી અને નાણાંની વ્યવસ્થા થયેથી તને મદદ કરીશું તેમ જણાવી અમારી દિકરી શશીને સમજાવતા તે જતી રહેતી.'' આ સંદર્ભે ફરીયાદીની આંક-૧૧ ની જુબાની જોવામાં આવે તો તેમાં સાહેદ જણાવે છે કે તેમની દિકરી શશીએ સત્યપાલ સાથે લગ્ન કરેલા કે કેમ તેની તેમને ખબર નથી પરંતુ તેમની દિકરી શશી સત્યપાલ સાથે માંજલપુરમાં રહેતી હતી. આમ સાહેદે તેમની સર તપાસમાં તેમની દિકરીના લગ્ન બાબતે ફરીયાદની હકીકતથી વિપરીત હકીકતો જણાવે છે તે જ રીતે ફરીયાદમાં જણાવ્યાં મુજબ તેમની દિકરી તેમના ઘરે આવતી હતી ત્યારે તેણીના પતિ તેણી પાસે ગાડી લેવા માટે રૂપિયા પાંચ લાખની માંગણી કરતા હતા અને પીયરમાંથી રૂપિયા પાંચ લાખ લાવવા માટે જણાવતા હતા તેવી હકીકત જણાવેલ છે પરંતુ સહેદની સર તપાસમાં આ પ્રકારની કોઈ જ હકીકત ફરીયાદી જણાવતા નથી. ફરીયાદીની સર તપાસ જોતા હાલના આરોપીના કહેવાથી ફરીયાદીની દિકરીએ તેમની પાસે પૈસા માંગતી હોય તેવુ જણાતુ નથી પરંતુ તેણી પોતાની મરજીથી તેણીના પિતા એટલે કે ફરીયાદી પાસે પૈસા લેવા આવેલ હોય તેવુ જણાય છે. ફરીયાદમાં વધુમાં એવી પણ હકીકત જણાવેલ છે કે '' આજથી આશરે બે માસ ઉપર મારા પતિ તથા દિકરી કાજલ મારી દિકરી શશીના ઘરે ગયેલ તે સમયે મારી દિકરી શશીને તેના પતિએ ઉપરોકત કારણોસર મારઝુડ કરી ઝઘડો તકરાર કરેલ હોવાની હકીકત મારી દિકરી શશીએ તેઓને જણાવેલ અને તેની જાણ મને મારા પત્ની અને દિકરીએ કરેલ'' આવી પણ કોઈ હકીકત ફરીયાદી તેમની કોર્ટ રૂબરૂની આંક-૧૧ ની જુબાનીમાં જણાવતા નથી. ફરીયાદી તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં તેમણે આરોપી પાસેથી રૂા.૫૦,૦૦૦/- ની રકમ ઉછીની લીધેલ હોવાનુ કબૂલ રાખે છે. તે સંજોગોમાં આરોપી ફરીયાદી પાસે રૂા.૫,૦૦,૦૦૦/- ની માંગણી કરતા હોય તેવુ માની શકાય નહીં. વધુમાં, આરોપી તરફથી આ રકમની માંગણી ગાડી લેવા માટે કરવામા આવતી હતી તેવો ફરીયાદ પક્ષનો કેસ છે. પરંતુ

પુરાવામાં આવેલ હકીકત મુજબ આરોપી અગાઉથી એક કરતા વધારે ગાડીઓ ધરાવતા હતા તેવુ જણાય છે અને સાહેદ કાજલના જણાવ્યા મુજબ આરોપી અને ફરીયાદી એકબીજાને જરૂર હોય ત્યારે પોતપોતાની ગાડીઓ આપતા હતા. તે સંજોગોમાં ગાડી લેવા માટે આરોપી ફરીયાદી પાસે રૂપિયા પાંચ લાખ માંગતા હતા તે વાતમાં તથ્ય જણાતુ નથી.

(૨૬) હાલના આરોપી અને મરણ જનાર શશીએ લગ્ન કરેલ હતા કે કેમ તે બાબતે સાહેદ નં.૩ કાજલબેન તેજવીરસીંગ ચૌધરી જેઓ મરણ જનારના સગા બહેન થાય છે તેણીની જુબાની જોવામાં આવે તો તેણી પોતાની જુબાનીમાં પોતાની બહેન શશી અપરણીત હોવાનુ જણાવે છે તેમજ ૪૦૧, ધ્યેય રેસીડેન્સીવાળા મકાનમાં તેણીની બહેન એટલે કે શશી એકલી રહેતી હોવાનુ પણ સાહેદ જણાવે છે. વધુમાં સાહેદ નં.ર જે મરણ જનારની માતા થાય છે તેણી પણ પોતાની કોર્ટ રૂબરૂની આંક–૧૭ ની જુબાનીમાં મરનાર શશીએ આરોપી સાથે લગ્ન કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. તેમજ ફરીયાદી પણ અગાઉ ચર્ચા કર્યા મુજબ તેમની જુબાનીમાં શશીબેને આરોપી સાથે લગ્ન કરેલા કે કેમ? તે ખબર ન હોવાનુ જણાવે છે. ફરીયાદ પક્ષના કેસ મુજબ મરનાર અને આરોપી ધ્યેય રેશીડેન્સીમાં સાથે રહેતા હતા, પરંતુ આ બંને જણા સાથે રહેતા હતાં તેવુ દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ ધ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આ અંગે ફરીયાદ પક્ષના મૌખિક પુરાવામાં વિરોધાભાસ પ્રવર્તે છે. સાહેદ નં.૧ અને સાહેદ નં.ર મરનાર અને આરોપી સાથે રહેતા હોવાનુ જણાવે છે જયારે સાહેદ નં.૩ મરનાર ધ્યેય રેશીડેન્સીમાં એકલી રહેતી હોવાનુ જણાવે છે. વધુમાં મરનારે આત્મહત્યા કરવા માટે આરોપીનો શારીરીક માનસીક ત્રાસ જવાબદાર હોવાનુ ફરીયાદ પક્ષનુ કહેવુ છે, પરંતુ જયારે આરોપી અને મરણ જનાર પતિ–પત્ની થયા હોય અથવા તેઓ સાથે રહેતા હોય તેવી હકીકત ફરીયાદ પક્ષ સાબિત કરી શકેલ ન હોય ત્યારે સાહેદો ધ્વારા જણાવવામાં આવેલ શારીરીક, માનસીક ત્રાસની વાત વિશ્વાસપાત્ર જણાતી નથી. રેકર્ડ પર એવી હકીકત પણ આવેલ છે કે, મરનાર

શશીની સગાઈ થઈ ગયેલ હતી અને તેણીએ લગ્નના બે દિવસ પહેલા લગ્નની ના પાડતા આ કામના ફરીયાદી સાથે તેણીને મનદુ:ખ થયેલ અને તેણે ઘર છોડી દીધેલ. પોતાના માતાપિતા સાથેના મનદુ:ખને કારણે તેણીએ આ પગલુ ભરેલ હોવાનુ નકારી શકાય નહીં. આ તમામ હકીકતો ધ્યાનમાં લેતા મરનાર શશી અને સત્યપાલ વચ્ચે પતિ–પત્નીનો સબંધ હતો તેવી હકીકત પુરવાર થતી નથી. તે જ રીતે બનાવના સમયે મરણ જનાર અને આરોપી સાથે રહેતા હતા તેવી પણ કોઈ હકીકત ફરીયાદ પક્ષ તરફે પુરાવામા રજુ થયેલ નથી.

(૨૭) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૨ નટવરભાઈ મનસુખભાઈ ગોડ તેમની આંક–૪૯ ની જુબાનીમાં તેમણે તપાસ દરમ્યાંન સાહેદ ધર્મેન્દ્ર જયંતિલાલ પંચાલનુ નિવેદન નોંધેલ હોવાનુ અને સદર નિવેદન નોંધતી વખતે મરણ જનારના ઘરમાંથી મળેલ મરણ જનારના હસ્તાક્ષરવાળી ચીઠ્ઠી કબ્જે લીધેલ હોવાનુ કબુલ રાખે છે. આ ચીઠ્ઠીના પાછળના ભાગે કેટલીક વ્યકિતઓના નામો લખેલ હતા અને સાહેદ ધર્મેન્દ્ર પંચાલના પોલીસ રૂબરૂના નિવેદન મુજબ આ વ્યકિતઓ પાસેથી મરણ જનાર શશીએ પૈસા ઉછીના લીધેલ હતા તેવી હકીકત તપાસમાં ખુલેલ હતી પરંતુ તપાસ કરનાર અમલદાર ધ્વારા આ ચીઠ્ઠી કે તેની પાછળ લખવામાં આવેલ નામો બાબતે કોઈ જ તપાસ કરવામાં આવેલ નથી જો તેની તપાસ કરવામાં આવેલ હોત તો તે ચીઠ્ઠી ખરેખર મરણ જનારના હસ્તાક્ષરમાં લખાવેલ હતી કે કેમ ? અને તે ચીઠ્ઠી પાછળ લખવામાં આવેલો નામો સાથે મરણ જનારને શું સબંધ હતો તે હકીકત રેકર્ડ ઉપરઆવી શકેલ હોત. અને તે સંજોગોમાં મરણ જનારને આત્મહત્યાના કારણ બાબતનો પુરાવો પણ મળી શકેલ હોત પરંતુ આવો કોઈ જ પ્રયત્ન તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસના કામે કરવામાં આવેલ નથી.

(૨૮) આમ, હાલના કેસમાં રેકર્ડ ઉપર જે પુરાવો આવેલ છે તે ધ્યાનમાં લેતા ફરીયાદ પક્ષ આરોપી સામે મુકવામાં આવેલ તહોમત પુરવાર કરી શકેલ નથી એવુ આ અદાલતનું માનવું છે જેથી મુદ્દા નં. ૨ – ૩ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૪ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

(૧) આ કામના આરોપી સત્યપાલ મનફુલ શેરાવત (જાટ) ને માંજલપુર પો. સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૨૪૪/૧૪, ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૯૮(ક), ૩૦૬ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩, ૭ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમાંથી ક્રિ.પ્રો.કો. કલમ ૨૩૫(૧) અન્વયે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબ્જે કરેલ બીનકિંમતી મુદ્દામાલ અપીલ સમય વીત્યેથી નાશ કરવો.

(૩) આ કામના આરોપી ચાલુ કામે જામીનમુકત થયેલા હોઈ તેઓના જામીનખત તથા જાતમુચરકા રદ્દ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૪) અપીલ થાય તેવા સંજોગોમાં એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે ક્રિ.પ્રો.કો. કલમ ૪૩૭(એ) ની જોગવાઈ અન્વયે આરોપીએ રૂા.૧૦,૦૦૦/– ના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન અપીલ પીરીયડ ૬ (છ) માસના સમયગાળા માટેના આપવાના રહેશે.

હુકમ આજ તા.ચોવીસમી, માહે: જૂલાઈ, સને ૨૦૨૦ ના રોજ અદાલતમાં મારી સહી કરીને જાહેર કર્યો.

Sd/-

વડોદરા.
તા. ૨૪/૦૭/૨૦૨૦.

**(મંગેશ આર.મેંગદે)**
સત્ર ન્યાયાધિશ
વડોદરા.
**કોડ નં. જીજે–૦૦૯૧૩**

*pbchauhan,*